# પાટનગરમાં કાળા કોલસાનો ઉજળો રૂઆબ શહેરીજનોના કપડાંને થતી કોલસાની ઈસ્ત્રી



**(ધર્મેન્દ્ર મહેતા)** ગાંધીનગર, ૧૨

આધુનિકતા એ માનવવસ્તીને જબરદસ્ત ઘેલું લગાડ્યું છે. ત્યારે ગુજરાતમાં પાટનગરમાં એક દશકો પાછળ એવી કોલસાતી થતી ઈસ્ત્રીનો મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. દરેક સેકટરોમાં કપડાંને કોલસાની ઈસ્ત્રી થતી જોવા મળી રહી છે. અત્યાધુનિક હાથવગા ઈલેકટ્રીક ઉપકરણો ગામડે ગામડે ઉપલબ્ધ બન્યા છે ત્યારે રાજયનું જયાંથી સંચાલન થાય છે. ત્યાં જ હાઈટેકનોલોજીનો છેદ ઉડી રહ્યો છે. જો કે આ સાધન કેટલાંય પરિવારો માટે રોજીરોટીનું સાધન હોવાથી તંત્ર દ્વારા યોગ્ય સાધન સુવિધા પૂરી પડાય તેવી માંગ પણ સ્થાનિક રહીશોએ કરી છે.

વિશ્વભરના દેશો હાઈટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યા છે. જેમાં ભારત દેશ પણ બાકાત નથી. છતાં પણ ગુજરાત રાજયના પાટનગરમાં કંઈ ઉણપ હોય તેવી લાગી રહ્યું છે. જેમાં વાઈબ્રન્ટ સમિટ દ્વારા ઉદ્યોગોને આમંત્રિત કરી રાજયને વિકાસની દષ્ટિએ અન્ય દેશોની હરોળમાં લઈ જવાના મુખ્યમંત્રીના પ્રયાસો વચ્ચે પાટનગરમાં જ એક દશકો પાછળ એવી કોલસાની ઈસ્ત્રીએ જબરદસ્ત પગદંડો જમાવ્યો છે. જેથી અત્રે હાઈટેકનોલોજી હાસ્યાસ્પદ સ્થિતિમાં લાગી રહી છે.

સચિવાલયના ઉચ્ચ અધિકારીઓથી માંડીને તમામ શહેરીજનોના ઘરે પણ કોલસાથી થતી ઈસ્ત્રીના કપડાનો ઉપયોગ થઈ રહ્યો છે. દરેક સેકટરમાં યોગ્ય જગ્યાએ ટેબલ ગોઠવી સળગતાં કોલસા ઈસ્ત્રીમાં ભરી કપડાં ઉપર ફેરવાય છે જેને શહેરીજનો અને ખાસ કરીને મહિલાઓએ આ વ્યવસ્થાને કોઈ પણ જાતના ખચકાટ વગર અપનાવી લીધી છે. જો કે કોઈકવાર ઈસ્ત્રી બાબતે ચડભડ જોવા મળે છે. છતાં અન્ય વિકલ્પના અભાવે સમાધાનકારી વલણથી ઉકેલ મેળવી શકાય છે.

અનેક પરિવારો આ વ્યવસાયમાં સંકળાયેલા છે અને સ્થાનિક રહીશોની સંમતિ અને પરવાનગીથી લારી અને ટેબલ જેવા હાથવગા સાધનો લઈ પોતાની આજીવિકા ચલાવે છે. શહેરની જાગૃત સંસ્થાઓ આ અંગે ઊંડો અભ્યાસ કરી તમામ પાસા અને ધ્યેયોને ધ્યાને લઈ આ પરિવારોને વિજળી તેમજ અન્ય સુવિધા મળી રહે તે માટે, વહીવટી તંત્ર સાથે વાટોઘાટો કરે તો શહેરીજનોને પણ રાહત થાય તેવો મત બુધ્ધીજીવી વર્ગ વ્યક્ત કરી રહ્યો છે.

નોંધનીય છે કે રાજયના મુખ્યમંત્રી સોલાર પ્રોજેક્ટને વડુ પ્રાધાન્ય આપી તેના ઉપયોગ માટે ભાર મુકી રહ્યા છે. ત્યારે આ વ્યવસાય માટે પણ આવી કોઈ યોજનાનો અમલ થાય તો ઈસ્ત્રી કરનાર કારીગરને પોષાય તેવી ટેકનોલોજી મળે અને ગ્રાહકોને વ્યાજબી ભાવનો લાભ પ્રાપ્ત થાય. આમ બંને પક્ષે સંતોષ ઉભો થઈ શકે છે તેમજ કોલસાથી થતી ઈસ્ત્રીમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ પણ આવી શકે છે.

ગાંધીનગરમાં વિશ્વના દેશો આમંત્રિત થતા હોય છે અને ત્યાં જ હાઈટેકનોલોજી અદશ્ય હોય તે શહેરીજનોમાં આઘાત સમુબન્યું છે. છતાં પણ 'વિજયી બચાવો' ની સરકારની અપીલને આ વ્યાવસાયિકોએ અપનાવી હોય તેમ હાલમાં તે કાળો કોલસો રૂઆબભેર કપડાને અનોખો ઓપ આપી પોતાનું વર્ચસ્વ સાબિત કરી રહ્યો છે.


# પાર્કિંગ પ્લેસ માટે લાખો ખર્ચાયા બાદ લારી-ગલ્લાઓનો અડીંગો

## લારી-ગલ્લાઓ ગોઠવાતા પાર્કિંગનો પ્રોબ્લેમ યથાવત

ગાંધીનગર, તા. ૧૨

શહેરના કોમર્શિયલ વિસ્તારમાં પાર્કીંગ વ્યવસ્થાને યોગ્ય કરવા તંત્ર દ્વારા લાખોનું આંધણ કરાયા બાદ પણ વાહનપાર્કિંગની પેચીદી સમસ્યા હલ થઈ શકી નથી. સેક્ટરોમાં સ્થિત પાર્કીંગ પ્લેસ પર લારી-ગલ્લાઓએ અડીંગો જમાવતા આમ નાગરિકો માટે 'પાર્કિંગ પ્રોબ્લેમ' હજુ પણ શિરદર્દ સમાન છે.

શહેરમાં મુખ્યમાર્ગો સહિત સેક્ટરોના આંતરિક વિસ્તારોમાં પણ સતત વાહનોનો ધમધમાટ જોવા મળે છે. વાહનોની વધતી સંખ્યાના લીધે શહેરના માર્ગો પર ટ્રાફિકને લગતા અનેક પ્રશ્નો મંડરાયા છે. બીજી તરફ પાર્કીંગ સેન્સના અભાવે આ સ્થિતિ વધુ ગંભીર બની છે. શહેરમાં સ્થિત સરકારી કચેરીઓ આસપાસ તેમજ કોમર્શિયલ વિસ્તારમાં દિનપ્રતિદિન પાર્કીંગની સમસ્યા દિનપ્રતિદિન જટીલ સ્વરૂપ ધારણ કરતી જાય છે. થોડા સમય પૂર્વે નગરમાં વાહનપાર્કીંગની પેચીદી સમસ્યાને નિવારવા તંત્ર દ્વારા અંદાજિત રૂ. ૧.૨૯ કરોડના ખર્ચે સેક્ટરોમાં વિવિધ ૭ જેટલા સ્થળોએ પાર્કીંગ પ્લેસ ઉભા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષી સેક્ટરોમાં સ્થિત શોપીંગો તેમજ સે. ૧૬ અને ૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં પાર્કીંગ નિર્માણની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ તબક્કે કોમર્શિયલ વિસ્તારમાં આડેધડ વાહનો ન ખડખાય તે માટે અગાઉ ટ્રાફિક પોલીસની મદદથી પાર્કીંગ વ્યવસ્થાને યોગ્ય કરવા અભિયાન હાથ ધરાયું હતું. પરંતુ થોડા સમયના અંતે જ પાર્કીંગ પ્લેસ પર લારી-ગલ્લા અસ્તિત્વમાં આવતા લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી પાર્કીંગ વ્યવસ્થા પર પાણીઢોળ થયું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સે. ૧૬ના કોમર્શિયલ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. કાર પાર્કીંગ કરવાના સ્થાને રોજબરોજ લારીગલ્લા ગોઠવાઈ જતા તંત્ર દ્વારા નિર્માણ કરાયેલી પાર્કીંગ વ્યવસ્થાનો હેતુ સરતો નથી. બીજી તરફ વાહનોથી ધમધમતા કોમર્શિયલ વિસ્તારમાં આ સ્થિતિના લીધે રોજબરોજ ટ્રાફિકને લગતી પણ અનેક સમસ્યાઓ ઉદ્ભવી રહી છે.



**પાણીનો બગાડ -** ધોમધખતા તાપમાં દોઝખ બનતા ઉનાળાની આકરી ગરમીના દિવસો દરમિયાન છાશવારે સેક્ટરોની શેરીઓમાં પોણીની પોકાર ઉદભવે છે. આમ છતાં મહામૂલા પાણીનો બગાડ અટકાવવા હજુ સુધી કોઈ અસરકારક પગલા લેવાયા નથી. નગરની સિવિલ હોસ્પિટલમાં પણ પાણીનો બેફામ બગાડ થતો હોવાનું તસવીરમાં સ્પષ્ટ થઈ રહ્યું છે.

(તસવીર : દિપક જાની)

# પરિણિતા આત્મહત્યા કેસમાં પતિ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

## મરનાર કોકીલાબેનના ભાઈને અડાલજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૨

સુઘડની પરિણિતાએ તેના પતિના ત્રાસથી કંટાળી આ પગલું ભર્યું હોવાની ફરિયાદ તેણીના ભાઈએ અડાલજ પોલીસ મથકે નોંધાવી છે.

જિલ્લાના સુઘડ ગામમાં રહેતા ૩૨ વર્ષીય કોકીલાબેન પ્રદીપસિંહ ડાભીએ ગઈકાલે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. લાંબા સમયના લગ્નજીવન બાદ પરિણિતાએ આ પગલું ભરતા અડાલજ પોલીસે આ બનાવ સંદર્ભે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ દરમિયાન મરનાર કોકીલાબેનના ભાઈ રાજેન્દ્રસિંહ ચોહાણે આ મામલે અડાલજ પોલીસ મથકે તેણીના પતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં કોકીલાબેનના પતિ પ્રદીપસિંહ તેમની પર વહેમ રાખી શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાનું પણ જણાવાયું છે. પરિણિતાને આત્મત્યા માટે દુષપ્રેરણા કરવાના કેસ સંદર્ભે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેર જાગૃત નાગરિક પરિષદની વીજળી અને પાણીના પ્રશ્ને રજૂઆત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં પાટનગરમાં વીજળી અને પાણીના પ્રશ્ન બાબતે ગંભીર રજૂઆત થઈ હતી જેને પરિષદના પદાધિકારીઓએ સત્તાવાળાઓને રૂબરૂમાં મળીને આક્રોશપૂર્વક રજૂઆત કરી હતી.



અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શનિવારે સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતે ૪૦ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ અરૂણ બૂચે આ તબક્કે જણાવ્યું હતું કે સોમવારે બીજા તબક્કામાં પણ શિબિરના ભાગરૂપે રક્ત એકત્રિત કરવામાં આવશે.

(તસવીર : દિપક જાની)

પાટનગરમાં પીવાના પાણી અને વીજળીના યક્ષ પ્રશ્નો વસાહતીઓને સતાવી રહ્યા છે. વીજળીનો ગુનાહિત દુરુપયોગ, વીજ ગ્રાહકોને નાણા ભરવાના પ્રશ્ને પારાવાર હાડમારીઓ પડે છે. અમુક વિસ્તારોમાં અવારનવાર વીજ બંધ રહે છે. પાણી બાબતે પણ જૂના અને નવા સેક્ટરોમાં નાના મોટા પ્રશ્નો રહ્યા જ છે. સેક્ટર-૨ અને ૭માં પાણીનો કકળાટ સતત રહે છે.

વસાહતીઓના પ્રશ્નો સંદર્ભે સૌ પ્રથમ વીજ કંપનીના મેનેજરને લેખિતમાં ફરિયાદ કરતા તેમણે ઉત્તમ વહીવટ અને વસાહતીઓને ગ્રાહકોને બિલકુલ તકલીફ નહીં પડે તેવી વ્યવસ્થા ગોઠવવાનું આશ્વાસન આપ્યું હતું.

# સંક્ષિપ્ત સમાચાર

### આજે ટાઉનહોલમાં કલરવનો બાલોત્સવ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના ૧૫૦ થી વધુ બાળકોને કલરવ સંસ્થાએ ૧૪ દિવસ સુધી રંગમંચલક્ષી વિવિધ કૃતિઓની સુંદર તાલીમ આપી અને સુંદર કાર્યક્રમ તૈયાર કર્યો છે. આ બાલોત્સવ-૨૦૧૨ કાર્યક્રમ આજે તા. ૧૩મી મે-૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. નગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સદા પ્રોત્સાહક બનનાર કૃષ્ણકાન્તભાઈ જહા, દિનેશભાઈ પટેલ, ભાગ્યેશભાઈ જહા, રાહુલભાઈ મહેતા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે અને બાળ કલાકારોને પ્રોત્સાહન આપશે.

### કુંડળી જ્યોતિષ અને ટેરોટ કાર્ડ રીડીંગનો આજથી શુભારંભ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના ફૂલશંકર શાસ્ત્રીની પુત્રી વૃંદા વ્યાસ તા. ૧૩મી મે-૨૦૧૨ થી ગાંધીનગરમાં 'કુંડળી જ્યોતિષ' અને 'ટેરોટ કાર્ડ રીડીંગ'ની શુભ શરૂઆત કરી રહ્યા છે.

ફોરેન રીટર્ન વૃંદા વ્યાસ 'કુંડળી જ્યોતિષ' અને ટેરોટ કાર્ડ રીટીંગ'નો પ્રારંભ પ્લોટ નં. ૭૧૮, બેકરીની બાજુમાં, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે કરશે. ઓફિસ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ચાલુ રહેશે. આજે તા. ૧૩મી મે-૨૦૧૨ ના દિવસે એક નાના બાળક દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. જેમાં સર્વે લોકસમૂહને ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગેની વધુ વિગતો ૨૩૨-૧૨૧૨૪ પરથી મળી શકશે.

### આજે રામકથામાં સમૂહ આરતી યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૨૬માં આવેલા ગ્રીનસીટી હનુમાનજી મંદિર ચોકે રામકથાનો ધાર્મિક કાર્યક્રમ ચાલે છે. રામકથામાં ગત રોજ શિવ વિવાહ ધામધૂમથી યોજાયો હતો તથા રામજન્મ પ્રસંગ પણ ભકિતમય વાતાવરણમાં ઉજવાયો હતો. આજે તા. ૧૩મી મે ૨૦૧૨ને રાત્રે ૮ કલાકે ગોપી મંડળની બહેનો દ્વારા સમૂહ આરતી અને અન્નકૂટના દર્શનનો કાર્યક્રમ યોજાશે. ભકતજનોને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### આજે સ્વામિનારાયણ મંદિર સે-૬માં દિવ્યોત્સવ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૬-બીમાં આવેલા શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે આજે તા. ૧૩મી મે ૨૦૧૨ને રવિવારે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન પૂ. નિર્ગુણસ્વામીનો દિવ્ય કથામૃતનો કાર્યક્રમ યોજાશે. આ દિવ્ય ઉત્સવ સભામાં સર્વે ભકતજનો કુટુંબ-મિત્ર વર્તુળ સહિત લાભ લે તેવું સાધુ નિઃસ્નેહ પ્રિયદાસ સાધુ પ્રેમ નિધિદાસ અને સાધુ સત્સંગજીવનદાસે ખાસ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

### તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૨૭ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૦૦
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦
જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫
ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫
જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫
ઈશકઝાદે : ૨.૪૫
વીકી ડોનર : ૩.૦૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫,૩.૦૦, ૫.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૨ :** જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦
ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫
જન્નત -૨ : ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

**સૂર્યા, વાવોલ**

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- બાવીસ ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.

**ટાઉન હોલ**

- સવારે ૯.૦૦ કલાકે, કલરવ સંસ્થાન ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

**સામાજિક**

- આર્ટ ઓફ લીવીંગના પ્રણેતા શ્રીશ્રી રવિશંકરના જન્મદિન નિમિત્તે સેકટર-૧૨માં આવેલા બલરામ મંદિર પરિષદ ખાતે સવારે ૭.૩૦ કલાકે સાધના અને રાત્રે ૮.૩૦ કલાકે સત્સંગ કાર્યક્રમ યોજાશે.

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** તમને ભાગ્યવર્ધક સુખ- સુવિધા, પદ- પ્રતિષ્ઠામાં વધારો સૂચવે છે. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ વિશેષ ખર્ચની સંભાવના.

**વૃષભ :** મનોનુકૂળ કાર્ય થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા- પ્રવાસ થઈ શકે છે. વાહનની ખરીદી થઈ શકે છે.

**મિથુન :** આમોદ- પ્રમોદ વિલાસિતામાં તમારો સમય પસાર થઈ શકે છે. અનુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે.

**કર્ક :** તમારો સમય ધાર્મિક કાર્યોમાં પસાર થઈ શકે છે. મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ થઈ શકે છે. આત્મવિશ્વાસથી કરેલા કાર્યમાં અવશ્ય સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ :** લગ્નવાંછુકો માટે જીવનસાથીની પસંદગી માટે પ્રસ્તાવ આવી શકે છે. લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા :** શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરી અધિકારીઓ સાથે વિવાદોથી દૂર રહેવું. ખાનપાનમાં સંયમ રાખવું. આવકના સ્રોતમાં વધારો થઈ શકે છે.

**તુલા :** સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે તેમ છે. તમારા આત્મવિશ્વાસથી સઘળી મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ છે.

**વૃશ્ચિક :** આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. નિર્ણય લેવામાં અડચણો આવી શકે છે. જેથી કાર્યની ગતિમાં પ્રભાવિત થશે.

**ધન :** મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. જવાદબારીમાં કાર્યો તમે સફળતા પૂર્વક કરી શકો છે. અટવાયેલા કાર્યોમાં મિત્રોનો સહયોગ મળી શકે છે.

**મકર :** કુટુંબિજનો અને મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. સ્વયંની આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક તમને મળી શકે છે.

**કુંભ :** વ્યાપાર ક્ષેત્ર વિસ્તૃત કરવા માટે નવા આયામો ઉભા થતા જણાય. સ્વાધ્યાયમાં રૂચિ વધશે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. આજે સુખદ સમાચાર મળી શકે છે.

**મીન :** મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે તમને પ્રેરિત કરશે. નિષ્ઠા પૂર્વક કાર્ય કરતાં રહો. ઈચ્છિત સિદ્ધિ અને મનોનુકૂળ લાભ અવશ્ય તમને મળશે. માન -સન્માનમાં વધશે.

### ચિરવિદાય

- સ્વ. બચુભાઈ માધાજી ઠાકોર (ઉ. વ. ૬૫) મુ.પો. ફતેહપુરા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. નીતીનકુમાર પુરષોત્તમદાસ પંચાલ (ઉ. વ. ૩૦) મુ.પો. મહુદરા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ટીડાબેન મગાજી ઠાકોર (ઉ. વ. ૬૫) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ધુળાભાઈ લુખડભાઈ ભરવાડ (ઉ. વ. ૬૫) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. નટવરલાલ મફતલાલ સંઘાણી (ઉ. વ.૫૮) બી-૧૬, ડિસ્ટ્રીક શોપિંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર

# એક માનવી - બીજા માનવીનાં મૂલ્યોને ભૂલતો જાય છે, બીજાના દુખ, દર્દોને સમજી શકતો નથી, મલાજો રાખતો નથી, વૃધ્ધાશ્રમો વધતા જાય છે, આ એમની સનાતન પીડા છે, સમાજની સમસ્યા છે અને એ પીડાથી, સમસ્યાથી સમાજને છૂટકારો આપાવવા એમણે આ ભગીરથ યજ્ઞ આરંભ્યો છે

**સંબંધ સજાવે જિંદગી**

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

સંસ્કૃતિ અને સંસ્કારોની જીવંત પ્રચારયાત્રા

આપણી ગરવી ભારતીય સંસ્કૃતિ અને આપણા જગપ્રસિદ્ધ સંસ્કારોને લોકો સુધી નિઃશુલ્ક પહોંચાડવાની એક અનોખી સેવાનો યજ્ઞ ગાંધીનગર શહેરમાં વર્ષોથી ચાલે છે. એમ કહો કે સંસ્કૃતિ અને સંસ્કારોની જીવંત પ્રચારયાત્રા બનીને કોઈ વ્યક્તિ એને લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. એ વ્યક્તિ છે સૅક્ટર-૬ના રહેવાસી કનુભાઈ સત્યપ્રસાદ દવે, જેમનાં ધર્મપત્ની પ્રતિભાબેન પણ એમને આ સ્તુત્ય કાર્યમાં બરાબરનો સાથ આપી રહ્યાં છે.



અત્યંત ગરીબ પરિવારમાંથી આગળ આવીને ગાંધીનગરમાં સૅટલ થયેલા કનુભાઈને એકવાર સૅક્ટર-૬ના બગીચામાં બેઠેલા વૃધ્ધોને જોઈને અંતઃસ્ફૂરણા થઈ હતી કે ખરા જ્ઞાનની જરૂર આ લોકોને છે કે જેઓ પોતાના વિચારો રજૂ કરી શકતા નથી કે વાચન કરવા માટે સક્ષમ નથી. બસ ત્યારથી એમણે જાત સાથે નિર્ણય કર્યો ને સંસ્કૃતિની સુવાસ પ્રસરાવવાનો આરંભ પણ કરી દીધો.

ગાંધીકથા, જલારામચરિત, ભોજલરામ કથા, સ્વામિ વિવેકાનંદની કથા, નરસિંહ મહેતાની વાતો, શિવમહિમ્ન સ્રોત, સુંદરકાંડ આ બધાનો પ્રચાર તેઓ કોઈપણ જાતનો ચાર્જ લીધા વિના ભાવિકો કહે ત્યાં કરવા પહોંચી જાય છે. માનો કે આ જ એમનો જીવનક્રમ છે.

વળી આ બધી સારી બાબતો માટે એમને સારો શ્રોતાવર્ગ પણ મળી રહે છે ને એ કારણે પ્રવૃત્તિ કર્યાનો આનંદ પણ થાય છે. એમણે આ જ ક્રમમાં હરિદ્વાર ખાતે ગંગા નદીના તટ પર આવેલા પ્રવાસીઓને નરસિંહ મહેતાની હૂંડી અને પ્રભાતિયાનું સુંદર રસપાન પણ કરાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૧૨ વર્ષથી કાંસાની થાળી વગાડીને રથયાત્રાનું સ્વાગત કરતા ભાવિક તરીકે પણ તેઓ જાણીતા છે અને ખાસ વાત એ કે ગુજરાતમાં ગાંધી કથા કહેનારા કથાકારો ત્રણ જ છે : નારાયણભાઈ દેસાઈ, યશુભાઈ મહેતા અને ત્રીજા કનુભાઈ દવે.



અને હા, અંગ્રેજી સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય કે કાયદાકીય માર્ગદર્શન પણ કોઈને જોઈતું હોય તો એ નિઃસંકોચ કનુભાઈ પાસે આવીને તે મેળવી શકે છે. આ સેવા પણ કોઈ પણ વ્યક્તિ માટે તદ્દન નિઃશુલ્ક.

એક માનવી - બીજા માનવીનાં મૂલ્યોને ભૂલતો જાય છે, બીજાના દુખ, દર્દોને સમજી શકતો નથી, મલાજો રાખતો નથી, વૃધ્ધાશ્રમો વધતા જાય છે. આ એમની સનાતન પીડા છે, સમાજની સમસ્યા છે. અને એ પીડાથી, સમસ્યાથી સમાજને છૂટકારો આપાવવા એમણે આ ભગીરથ યજ્ઞ આરંભ્યો છે. અને આજીવન આ યજ્ઞમાં પોતે સજોડે આહૂતિ આપતા રહેશે એવો એમનો મક્કમ નિર્ધાર છે.